"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૧૫/૦૧/૨૦૧૭

તંત્રી શ્રી. ______________ સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(સહી)

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

## લેઉવા પાટીદાર સમાજના બ્રેનડેડ વિનુભાઈ વલ્લભભાઈ જોગાણીના પરિવારે કિડની, લીવર અને ચક્ષુનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: વિનુભાઈ વલ્લભભાઈ જોગાણી ઉ. વ. ૫૫ બ્લડ ગ્રુપ: B+ve

ટેક્ષટાઈલ માર્કેટ માંથી સાડીઓ લાવી જોબ વર્ક ઉપર લેશ મુકવાના વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

રહેવાસી: ૩૨૯, ગોકુલધામ સોસાયટી, ઇન્ડિયન ઓઈલ પેટ્રોલ પમ્પ પાસે, કેનાલ રોડ, કામરેજ, સુરત.

મૂળ રહેવાસી : ગામ: કેરાળા, તા. લાઠી, જી. અમરેલી

કૌટુંબિક વિગત : પત્ની: કૈલાશબેન વિનુભાઈ જોગાણી ઉ. વ. ૫૦

પુત્રીઓ: ૧. અલ્કાબેન અંકિતભાઈ ઉ. વ. ૨૭

૨. નિકુંજા વિનુભાઈ જોગાણી ઉ. વ.૨૨

પુત્રો: ૧. ભાવેશ વિનુભાઈ જોગાણી ઉ. વ. ૨૫

ટેક્ષટાઈલ માર્કેટના વેપારીઓ પાસે થી સાડીઓ લઇ તેના ઉપર વેલ્યુએડીશનના જોબવર્ક ના કાર્ય સાથે સંકળાયેલા હતા.

૨. પ્રદીપ વિનુભાઈ જોગાણી ઉ. વ. ૧૯

વરાછામાં રત્નકલાકાર તરીકે કામ કરે છે.



Nilesh Mandlewala, President, +91 98256 09922 | Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031 | Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349 | Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

બુધવાર તા: ૧૧ જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ વિનુભાઈ પોતાના ઘરેથી ટેક્ષટાઈલ માર્કેટ જવા નીકળ્યા ત્યારે બોપોરે ૧.૦૫ કલાકે કામરેજ મેલડી માં ના મંદીર પાસે એક બસ ચાલકે ટક્કર મારતા વિનુભાઈ પોતાના બાઈક ઉપરથી નીચે પડી જતા માથામાં ગંભીર ઈજાઓ થઇ હતી અને તેઓ બેભાન થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં પી. પી. સવાણી હાર્ટ ઇન્સ્ટીટયુટમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે તેમને આશુતોષ હોસ્પીટલમાં બોપોરે ૨:૩૦ કલાકે દાખલ કરવામાં આવ્યા. ત્યાં નિદાન માટે CT સ્કેન કરાવતા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ન્યુરોસર્જન ડો. મેહુલ મોદીએ ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો.

શુક્રવાર તા:૧૩ જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ વિનુભાઈને આશુતોષ હોસ્પિટલ થી આયુષ ICU & મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં રાત્રે ૯:૩૦ કલાકે ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા

શનિવાર તા. ૧૪ જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીજીશ્યન ડો. ભદ્રેશ માંગુકિયાએ વિનુભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

આયુષ ICU & મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ચીફ મેડીકલ ઓફીસર ડો. રમેશ પટેલે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી વિનુભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી વિનુભાઈના ભાઈશ્રી ચેતનભાઈ પોલરા, પુત્રો ભાવેશ અને પ્રદીપ, સંબંધી નાનુભાઈ બાળધા અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

વિનુભાઈના પુત્રો ભાવેશ અને પ્રદીપ તથા પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે "અમારા પિતાશ્રી બ્રેનડેડ છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત છે અને તેઓનું શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરી કિડની અને લિવર નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો."

3...

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. જમાલ રિઝવી અને તેમની ટીમે આવી કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડનીઓ રીચર્સ માટે રાખવામાં આવી છે. જ્યારે લીવર વડોદરાના રહેવાસી રાજારામ ઓમકાર પટેલ  ઉ. વ. ૪૪માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં વિનુભાઈના પુત્રો ભાવેશ અને પ્રદીપ, ભાઈશ્રી ચેતનભાઈ પોલરા, સંબંધી નાનુભાઈ બાળધા અને પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા, ન્યુરોફીજીશ્યન ડો. ભદ્રેશ માંગુકિયા, ચીફ મેડીકલ ઓફીસર ડો, રમેશ પટેલ, આયુષ ICU & મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી શ્રી હેમંત દેસાઈ, પ્રોગ્રામ ઓફિસર સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૮૨ કિડની, ૬૮ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૬૦ ચક્ષુઓનો દાન મેળવીને ૪૨૦ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.